# કાર્યકર્તા સંમેલનમાં જિલ્લા ભાજપની સદંતર અવગણના

**જિલ્લા પ્રમુખના 'બુથ ચલો અભિયાન'ના સમાપન પ્રસંગે રાષ્ટ્રીય પ્રમુખ ગડકરીને ભાવનગર લાવવાનો વાયદો**

ભાવનગર. 11 ઓગસ્ટ

ભાજપના કાર્યકર્તા સંમેલનમાં જિલ્લા ભાજપની અવગણના કરવામાં આવી હોવાનો કાર્યકરોમાં કચવાટ ફેલાયો છે.

મંચ સ્થિત મહાનુભાવોના સન્માન સહિતમાં શહેર ભાજપના કાર્યકર્તાઓને જ આગળ રાખ્યા હતા અને જિલ્લા ભાજપ સંગઠનના કોઈ હોદ્દેદારોને તક આપી ન હતી. જ્યારે શહેર ભાજપે ભલે અવગણના કરી પરંતુ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જિલ્લા ભાજપ પ્રમુખ બાબુભાઈના બુથ ચલો અભિયાનનીપ્રસંશા કરી હતી. જ્યારે તમામ બુથ પૂર્ણ થશે ત્યારે પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન ગડકરીને ભાવનગરમાં બોલાવવાની મુખ્યમંત્રી મોદીએ ખાત્રી આપી હતી. કેશુભાઈ પટેલનો નામ ઉલ્લેખ પણ ટાળ્યો હતો.

# ઘાસચારો-પાણીની માગણી સાથે જિલ્લા કોંગ્રેસનો વિરોધ

ભાવનગર : અછતની સ્થિતિમાં સહાય, ઘાસચારો બાબતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવા જતા રસ્તામાંજ કાળીયાબીડની ટાંકી પાસે પોલીસે કોંગી કાર્યકરોને અટકાવ્યા હતા. જિલ્લા કોંગ્રેસ અને યુવક કોંગ્રેસના કાર્યકરો આગેવાનો મુખ્યમંત્રીને રજુઆત કરવા જતા હતા. જયાં કાળીયાબીડની ટાંકી પાસે પોલીસ દ્વારા તેઓને અટકાવતા ત્યાં નીચે બેઠી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. અંતે અધિક કલેકટરે ત્યાં આવી કોંગ્રેસનુ આવેદન પત્ર સ્વિકાર્યુ હતુ.

# શેત્રુંજી-બોર

**દુષ્કાળ રાહત અંગેની બેઠકમાં સાંસદ રાણાના સૂચનો બાદ બોરતળાવમાં પાણી આવે તે માટે તાકીદે પગલા લેવા મુખ્યમંત્રીની સૂચના**

ભાવનગર. 11 ઓગસ્ટ

ભાવનગર ખાતે મુખ્યમંત્રીની દુષ્કાળ રાહત સમિતિની બેઠકમાં શેત્રુંજી ડેમ અને બોરતળાવના પાણીનો પ્રશ્ન પણ ચમકયો હતો.

મુખ્યમંત્રીએ બોલાવેલી બેઠકમાં દુષ્કાળની પરિસ્થિતિ અંગે ગંભીર

# મોડેસ્ટ દ્વારા તૈયાર થયેલું જહાજ મોદીએ તરતું મુક્યું

## રાજ્યનો સૌ પ્રથમ અને દેશનો ત્રીજો કેબલ સ્ટે બ્રિજનું લોકાર્પણ કરતા નરેન્દ્ર મોદી : આ બ્રિજને કારણે અંતર ઘટતા ભાવનગર વધુ નજીક આવ્યું હોવાનું જણાવતા મુખ્યમંત્રી

ભાવનગર. 11 ઓગસ્ટ



ભાવનગરના વિજળીક પ્રવાસે આવી પહોંચેલા રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાવનગર અને ભાલ પંથકને જોડતા રાજ્યના સૌપ્રથમ કેબલ સ્ટે બ્રિજનું લોકાર્પણ કર્યુ હતુ અને મોડેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. ખાતે નિર્માણ પામેલ ટેન્કર શિપનું પણ ઉદ્ઘાટન કર્યુ હતુ.

જૂના બંદર સ્થિત મોડેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. ખાતે 3300 ટનના સંપૂર્ણપણે સ્વયંસંચાલિત ઓઈલ ટેન્કરને તરતુ મુકતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભાવનગર દ્વારા ઈટાલીને અતિઆધૂનિક જહાજ મોકલાવાઈ રહ્યું છે તેનું મને ગૌરવ છે.

ઉપરોક્ત બંને કાર્યક્રમો ખાતે રાજ્ય સરકારના મંત્રીઓ સૌરભ પટેલ, પુરૂષોતમ સોલંકી, સાંસદ રાજુભાઈ રાણા, ધારાસભ્ય વિભાવરી દવે, કલેક્ટર, કમિશનર, જીએમબીના વાઈસ ચેરમેન પંકજકુમાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મોડેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચરના ગોવાની કંપની ડમ્પો ગ્રુપ સાથે જોડાણની અને કંપનીના વિસ્તૃતિકરણની ઘોષણા કરવામાં આવી હતી તથા મેહુલ પટેલના હસ્તે મુખ્યમંત્રી મોદીની 5 લાખનો ચેક કન્યા કેળવણી ફંડમાં આપવામાં આવ્યો હતો.

આ અગાઉ ભાવનગર જૂના બંદર ખાતે આવેલો લાકડીયો પૂલ 2006માં ધ્વસ્ત થઈ ગયા બાદ ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા 27.90 કરોડના ખર્ચે બનાવવામાં આવેલા રાજ્યના સૌપ્રથમ અને દેશના ત્રીજા કેબલ સ્ટે બ્રિજનું લોકાર્પણ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં મોદીએ જણાવ્યું હતું કે, આ બ્રિજના નિર્માણથી ભાવનગર અને અમદાવાદ વચ્ચેનું અંતર 45 કિ.મી. ઓછુ થઈ ગયું છે, અને ભાવનગરના લોકો મારી વધુ નજીક આવી ગયા છે. ખોંખારો ખાતા તેઓએ જણાવ્યું હતું કે, જે પ્રોજેક્ટના અમે ખાતમુર્હુત કરીએ છીએ તેના ઉદ્ઘાટન પણ અમે જ કરીએ છીએ, તેનું મને ગૌરવ છે. નરેન્દ્ર મોદીએ બ્રિજનું લોકાર્પણ કર્યા બાદ સમગ્ર બ્રિજનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતુ અને જીએમબીના વાઈસ ચેરમેન પંકજકુમાર પાસેથી વિગતો મેળવી હતી.

### ભાવનગરમાં વધુ 450 કરોડનું રોકાણ કરાશે

**ડેમ્પો** ગ્રુપના શ્રીનિવાસ ડેમ્પોએ જણાવ્યું હતુકે તેઓની કંપની દ્વારા ભાવનગરની મોડેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં પ્રથમ ચરણમાં 250 કરોડ અને દ્વિતિય ચરણમાં 200 કરોડનું રોકાણ કરી અને હાલ 1000 માણસોને રોજગારી પુરી પાડતા યુનિટ થકી 2500 માણસોને રોજગારી મળશે.